PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૦૬/કવા–૦૨/૧૬–૧૭/ 9096 તા. 30/09/16

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
ઓગણજા ગટોરભાઈ ગોવિંદભાઈ,
ગામ: સનાળી
તા.વિંછીયા,
જી: રાજકોટ મો. નં: 6613825862

વિષય :–ભાવપત્રક બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. ૩૦–૦૬–૧૬ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૦૬/કવા–૦૨/૧૬–૧૭ )

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

( કે. ડી. વીરડીયા )
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં.-2..)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી , રાજકોટ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી જસદણ
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વીભાગીય કચેરી, વિંછીયા

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

No: 01/A

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોપોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

| કેસ નં. : સીજીઆરએફ : ૦૬/ક્વા–૦૨/૧૬–૧૭ | કમિટિ મીટીંગ તા.૨૨–૦૭–૧૬ | સ્થળ :–રાજકોટ |
|---|---|---|

**પક્ષકાર નં.: –(૧) અરજદાર (ફરીયાદી) :**

અરજદાર (ફરીયાદી) : નામ: ઓગણજા ગટોરભાઈ ગોવિંદભાઈ,ગામ: સનાળી

રજુઆત કરનાર : અરજદાર શ્રી ઓગણજા ગટોરભાઈ ગોવિંદભાઈ હાજર રહેલ હતા.

**વિ રૂધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

પીજીવીસીએલ (કચેરી) : પેટા વીભાગીય કચેરી, વિંછીયા (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી જસદણ)

રજુઆત કરનાર :બી.આર.વડાવીયા, કાર્યપાલક ઈજનેર વિભાગીય કચેરી જસદણ

## : હુકમ :

**ફરીયાદ : ભાવપત્રક બાબત**

**મુદ્દા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓના ગામ: વેરાવળ (ભડલી) ખાતે ના સર્વે નંબર : ૩૪ પૈકી ૬ મા નોંધાવેલ સામાન્ય યોજના હેઠળ નુ નવુ જોડાણ મંજુર થતા, પીજીવીસીએલ તરફથી મંજુરી અન્વયે નુ ભાવપત્રક, જે – તેમના રહેઠાણ ના ગામ: સનાળી ખાતે મોકલવાને બદલે, માંગણી મુજબ ની ખેતીવાડી ની જમીન વાળા ગામ: વેરાવળ (ભડલી) ખાતે મોકલવામા આવેલ હતુ. પીજીવીસીએલ ની સબંઘક કચેરી ના આવા ભુલ ભરેલા કારણોસર, તેઓને નિયત સમયગાળા મા ભાવપત્રક મળેલ ન હોય, તેઓનુ સદર નવા જોડાણ નુ ભાવપત્રક અને મુળ અરજી રદબાતલ થયેલ છે. જે, નિયમાધીન યોગ્ય ન જણાતા, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદ્દા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨.૧ | અરજદાર શ્રી ઓગણજા ગટોરભાઈ ગોવિંદભાઈ એ તેઓના ગામ: વેરાવળ (ભડલી) ખાતે ના સર્વે નંબર : ૩૪ પૈકી ૬ મા, સામાન્ય યોજના હેઠળ ની, નવા ૭.૫ હોપા નુ, ખેતીવાડી વીજજોડાણ મેળવવા માટે ની, અગાઉ તા.૦૮–૦૭–૨૦૦૮ ના રોજ, રૂ.૨૦૦/– નોંધણીચાર્જ ભરપાઈ કરીને નોંધાવેલ અરજી, જે વિંછીયા પેટા વિભાગીય કચેરી ના સામાન્ય પ્રતિક્ષાયાદી રજીસ્ટર ના ક્રમ: ૭૪૩૫–એ, થી નોંધાયેલ હતી. ક્રમ આવ્યે આ અરજી મા કરાયેલ માંગણી મુજબ ના ભડલી ખાતેના સર્વે નંબર : ૩૪ પૈકી ૬ મા જોડાણ આપવાની જગ્યા નુ સર્વેક્ષણ થયેલ હતુ અને તા.૨૧–૧૧–૧૫ ના રોજ તાંત્રીક મંજુરી મળેલ હતી. જેથી, પીજીવીસીએલ તરફથી, માંગણીદાર તેમજ માંગણી મુજબ ની જગ્યા ની અદ્યતન સ્થિતી દર્શાવતા, ૭/૧૨, ૮–અ, હકક પત્રક નં.–૬, પાણીપત્રક નં.–૧૬ વગેરે, પત્ર નં.: ૨૮–૧૦–૧૫ થી અરજદાર પાસેથી, નિયમાધીન પ્રણાલી અંતર્ગત ની પ્રક્રીયા હેઠળ માંગવામા આવેલ હતા. આ દસ્તાવેજીક પેપર્સ અરજદાર તરફથી પીજીવીસીએલ મા રજુ થયેલ ન હતા. |
| ૨ | આમ, અરજદાર તરફથી, જોડાણ મંજુરી નુ ભાવપત્રક આપ્યા પહેલા, માંગણીના સ્થળ / માંગણીદાર ની અદ્યતન સ્થિતી દર્શાવતા દસ્તાવેજીક પેપર્સ મળેલ ન હોવા છતા પણ, પીજીવીસીએલ ની સબંઘક પેટા વિભાગીય કચેરી વિછીયા તરફથી, અરજદાર શ્રી ના મંજુર કરાયેલ એવા નવા ૭.૫ હોપાના સામાન્ય યોજના હેઠળ ના ખેતીવાડી વીજજોડાણ ની મંજુરી અન્વયે નુ રૂ.૭,૮૫૩/– નુ ભાવપત્રક નં. : ૧૪૬૪૮, જે તેમના ખેતીવાડી સર્વે નંબર વાળી જમીન ના ગામ ભડલી, તાલુકા: જસદણ ખાતે, તા.૨૩–૧૧–૧૫ ના રોજ રજીસ્ટર્ડ ટપાલ થી રવાના કરાયેલ હતુ. આ ભાવપત્રક ની અંતીમ સમયમર્યાદા તા.૨૩–૧૨–૧૫ હતી. અને આ ભાવપત્રક ની રજીસ્ટર્ડ ટપાલ અરજદાર શ્રી એ સહી કરી અને મેળવી લીધેલ હતી. પરંતુ, નિયત સમયમર્યાદા મા સદર ભાવપત્રક ની રકમ, અરજદારે પીજીવીસીએલ મા ભરપાઈ ન કરેલ હોવાના કારણોસર, સદર ભાવપત્રક આપોઆપ રદબાતલ થયેલ હતુ. |
| ૨.૩ | સદર કેઈસ મા, અરજદારે, તેમની મુળ તા.૦૮–૦૭–૨૦૦૮ ની અરજી – ના એ–૧ ફોર્મ મા, માંગણી મુજબ ના ખેતીવાડી સર્વે નંબર : ૩૪ પૈકી ૬ વાળુ ગામ: વેરાવળ (ભડલી), અને પત્ર વ્યહવાર માટે ના કાયમી રહેઠાણ નુ ગામ: સનાળી ની વિગતો સ્પષ્ટ દર્શાવેલ હતી. પીજીવીસીએલ મા પ્રસ્થાપિત નિયમાધીન પ્રણાલી મુજબ, અરજદાર ને મંજુર કરાયેલ ખેતીવાડી વીજજોડાણ ના ભાવપત્રક ની રજીસ્ટર્ડ ટપાલ ખરેખર તેમના પત્ર વ્યહવાર ના સરનામા પર, એટલેકે રહેઠાણ ના ગામ: સનાળી ખાતે રવાના કરવાને બદલે, પીજીવીસીએલ ની સબંઘક કચેરી તરફથી, શરતચુક યુકત ભુલ ના કારણોસર, સદર ભાવપત્રક ની રજીસ્ટર્ડ ટપાલ, જે ખેતીવાડી સર્વે નંબર : ૩૪ પૈકી ૬ ની જમીન વાળા ગામ: વેરાવળ (ભડલી) ખાતે રવાના કરાયેલ હોવાની બાબત, અત્રે તરફથી ફોરમ કમિટી સમક્ષ, સ્પષ્ટતા સાથે રજુ કરવામા આવે છે. |

**મુદ્દા નં.–૩ :** **: નિષ્કર્ષ :**

| | |
|---|---|
| **૩.૧** | ફરીયાદી અરજદાર ની મુદ્દા નં. ૧.૧ મુજબ ની વિગતે ની, તેમના ગામ: વેરાવળ (ભડલી) ખાતે ના ખેતીવાડી સર્વે નંબર : ૩૪ પૈકી ૬ મા તા.૦૮–૦૭–૨૦૦૮ ના રોજ નોંધાયેલ, સામાન્ય યોજના હેઠળ ના નવા ૭.૫ હોપા ના ખેતીવાડી વીજજોડાણ ની મંજુરી નુ રૂ.૭,૮૫૩/– નુ ભાવપત્રક નં. : ૧૪૬૫૪૮, જે તા.૨૩–૧૧–૧૫ ના રોજ, જે પીજીવીસીએલ ની નિયમાધીન પ્રણાલી અંતર્ગત, જે અરજદારે તેમની મુળ અરજી મા, તેમના કાયમી રહેઠાણ અને પત્ર વ્યહવાર ના સરનામા ની દર્શાવેલ વિગત મુજબ ગામ: સનાળી ખાતે રવાના કરવાની બાબત નિયમાધીન હોવા છતા, સબંધક પેટા વિભાગીય કચેરી ની શરતચુક યુકત ભુલ ને કારણે, સદર ભાવપત્રક, જે કાયમી રહેઠાણ અને પત્ર વ્યહવાર ના સરનામા મુજબ ના ગામ: સનાળી ખાતે રજીસ્ટર્ડ ટપાલ થી રવાના કરવાને બદલે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદ્દા ન. ૨.૩ મુજબ ની વિગતે અપાયેલ સ્પષ્ટતા મુજબ, ખેતીવાડી સર્વે નંબર : ૩૪ પૈકી ૬ ના ગામ: વેરાવળ (ભડલી) ખાતે રવાના કરાયેલ હોવાની બાબત, સદર કેઈસ મા સ્વયં સ્પષ્ટ થયેલ છે. આ મુજબ, પીજીવીસીએલ કક્ષાની ભુલ ના કારણોસર નો સદર કેઈસ '' મીસ ડીલીવર્ડ ઓફ એફ કયુ'' નો હોવાની બાબત મુજબ નો સાબીત થયેલ છે. |
| **૩.૨** | જેથી, ભુલ સુધારણા ના ભાગરૂપ, ફરીયાદી અરજદાર પક્ષકાર ને, તેમના કાયમી રહેઠાણ અને પત્ર વ્યહવાર ના ગામ: સનાળી ખાતે તેમના મંજુર કરાયેલ ખેતીવાડી વીજજોડાણ નુ, નવેસર થી ભાવપત્રક, જે અરજદાર શ્રી ને આપવાની બાબત, જે પીજીવીસીએલ ના નિયમાધીન હોય, પીજીવીસીએલ પક્ષકાર ને તે મુજબ, સદર ભાવપત્રક, નવેસર થી, અરજદાર શ્રી ના કાયમી રહેઠાણ અને પત્ર વ્યહવાર ના સરનામા પર, દિન–૧૦ મા, અરજદાર શ્રી ની, તેમજ અત્રેના ફોરમ ની જાણકારી હેઠળ, રજીસ્ટર્ડ ટપાલ થી રવાના કરવાનો, અથવા તો અરજદાર શ્રી નો મોબાઈલ પર સંપર્ક કરી, કચેરી મા રૂબરૂ બોલાવી, અને સદર ભાવપત્રક તેમની રૂબરૂ સહી મેળવી, અને અરજદાર ને આપી, અને તે મુજબ નો અહેવાલ ફોરમ સમક્ષ દિન–૧૦ મા રજુ કરવા સબબ નો , પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવા બાબતે નો, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

**મુદ્દા નં.–૪ :** **હુકમ**

| | |
|---|---|
| **૪.૧** | સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદ્દા નં. ૩.૨ મુજબ ની વિગતે,અરજદાર શ્રી ને તેમના મંજુર કરાયેલ, સામાન્ય યોજના હેઠળ ના, નવા ૭.૫ હોપા ના ખેતીવાડી વીજજોડાણ નુ ભાવપત્રક, જે નવેસર થી જ, અરજદાર શ્રી ના કાયમી રહેઠાણ અને પત્ર વ્યહવાર ના સરનામા પર, દિન–૧૦ મા, અરજદાર શ્રી ની, તેમજ અત્રેના ફોરમ ની જાણકારી હેઠળ, રજીસ્ટર્ડ ટપાલ થી રવાના કરવાનો, અથવા તો અરજદાર શ્રી નો મોબાઈલ પર સંપર્ક કરી, કચેરી મા રૂબરૂ બોલાવી, અને સદર ભાવપત્રક તેમની રૂબરૂ સહી મેળવી, અને અરજદાર ને આપી, અને તે મુજબ નો અહેવાલ, ફોરમ સમક્ષ દિન–૧૦ મા રજુ કરવા સબબ નો , પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવામા આવે છે. |

**(શ્રીમતી કે.જે.મોટાણી )**
**સ્વતંત્ર સભ્ય**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**( એમ.એન.ઓઝા )**
**સભ્ય (ટેક)**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**(ટી.બી.ભીમાણી)**
**ચેરમેન**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

નોંધ જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી **સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫''** સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમના ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઇ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે..